અપીલ અરજી નં.૨૧૮ તા.૧૪–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ગુરૂન્દ્રિ પાલસિંહ ઢીલ્લો
સામાવાળાઃ–(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી
(કતારગામઝોન, મધ્યસ્થ મહેકમ)
(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન
(૩) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુરૂન્દ્રિ પાલસિંહ ઢીલ્લોની તા.૧૦–૮–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ /૭૬૩–બી, ૭૬૪ ખારવાવાડ, નાનપુરામાં આવેલ પુષ્પક એપાર્ટમેન્ટ ગટર લાઈન કનેકશન બાબતે મુદૃા નં.૧ થી ૧૫ (એ,બી,સી,ડી) થી માંગવામાં આવેલી માહિતી સંદર્ભે કરેલ અપીલ બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૪–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૮/૨૦૦૯–૧૦

શ્રી ગુરૂન્દ્રિ પાલસિંહ ઢીલ્લોની તા.૧૦–૮–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ /૭૬૩–બી, ૭૬૪ ખારવાવાડ, નાનપુરામાં આવેલ પુષ્પક એપાર્ટમેન્ટ ગટર લાઈન કનેકશન બાબતે મુદૃા નં.૧ થી ૧૫ (એ,બી,સી,ડી) થી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ભ્રામક અને ખોટી મળેલ હોવાનું જણાવી ડે.કમિશ્નર(સ્પે.) અઠવાઝોન મુદૃા નં.૧ અને ૧૧, ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમ મુદૃા નં.૩,૮ અને ૯, નોર્થઝોન મુદૃા નં.૧ અને ૫ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૧ તા.૨૭–૧૦–૦૯ થી (ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન, મધ્યસ્થ મહેકમ) (૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (૩) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં કઈ માહિતી મળેલ નથી અને કઈ માહિતી મળેલ છે? તે પૈકી કઈ માહિતી સામે નારાજગી છે? અને કઈ વિગતે? તે અંગેના આધાર પુરાવા કે તેના વાજબીપણાના કારણો વિગેરે વિવરણ જણાવેલ ન હોઈ તેની વિગતો પૂરી પાડવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(સ્પે) અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૫૮૦ તા.૪–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં સેન્ટ્રલઝોન તરફથી સા.વે.ઝોન આઈ ડી. નં.૧૯૪ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૩૯ તા.૧૩–૮–૦૯ થી તમામ ઝોન તથા પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારની તા.૧૦–૮–૦૯ ની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી આપતો સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/૪૪૪ તા.૧૦–૯–૦૯ ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટની સ્લીપની નકલ રજૂ કરેલ છે. ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૫૦૧ તા.૧૧–૧૧–૦૯ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જાવક/ ૬૩૯ તા.૧૩–૮–૦૯ નો તબદીલ પત્રની નકલ, એમ.જી.પસ્તાગીયા તથા પી.આર. જસાણીની ફરજ બજાવ્યાના ખાતાવાઈઝ સમયગાળાની વિગતની નકલ, અરજદારની માહિતી માંગતી મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતીનો નં.જીએડી/ઈએસટી/૧૭૭૭ તા.૧૦–૯–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે કતારગામઝોન તરફથી કોઈ પૂરક માહિતી મળેલ નથી. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. અરજદાર તરફથી તા.૩૦–૧૦–૦૯ ના રોજ પત્ર તા.૪–૧૧–૦૯ ના રોજ રજૂ કરેલ. જેમાં સા.વે.ઝોન(લીંબાયત)ને તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ અરજીની નકલ તથા સા.ઝોન/લીંબાયતઝોન તરફથી આ.નં.૨૬૩૪ તા.૨૭–૧૦–૦૯ થી અરજી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યાની પત્રની નકલ, લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૩૨૯ તા.૩૦–૯–૦૯ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, તા.૧૩–૮–૦૯ નો તબદીલ પત્રની નકલ રજૂ કરેલ છે. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૮૬ તા.૧૨–૧૧–૦૯ ના રોજ પૂરક માહિતી મળેલ છે. જેમાં તા.૧૩–૮–૦૯ ના રોજ તમામઝોન અને મધ્યસ્થ મહેકમમાં તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજી ની નકલ, નં.સી.ઝડ/આરટીઆઈ/આ.નં.૩૬૧ તા.૨૩–૭–૦૭ થી તથા સી.ઝેડ/એન્જી./આ.નં.૬૫૪ તા.૯–૯–૦૮ ની અરજદારને પાઠવેલ પત્રની નકલ, સી.ઝેડ/આરટીઆ/આ.નં.૧૦૫૪ તા.૫–૧૧–૦૯ ના રોજ અરજદારને આપેલ માહિતી પત્રકની નકલ, નોંધ વિભાગ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અનુસાર મુદૃા નં.૧ થી ૧૫ અને એબીસીડી થી કરેલ અરજી જે સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૬૩૯ તા.૧૩–૮–૦૯ ના રોજ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તથા કાર્યપાલક ઈજનેર તમામઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વરાછાઝોન તરફથી આ.નં.૨૧૧ તા.૨૫–૮–૦૯ થી તથા લીંબાયતઝોન તરફથી આંન.૨૬૩૪ તા.૨૭–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ છે. સદર અરજીના મુદૃા નં.(૧) એક એપાર્ટમેન્ટમાં બે ગટર લાઈનના જોડાણનો નિયમ છે? સુરત મહાનગરપાલિકાના કયા કયા એપાર્ટમેન્ટને બે ગટર લાઈનના જોડાણ આપે છે? તેવા એપાર્ટમેન્ટના નામ

તથા વિસ્તારના નામની માહિતી માંગવામાં આવેલ. જે અંગે અરજદારને તા.૫–૧૧–૦૯ ના જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સુરત મહાનગરપાલિકામાં હાલના નિયમો મુજબ મિલ્કતમાં ફકત એક જ ડ્રેનેજ જોડાણ આપવામાં આવે છે. સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં વોર્ડ નં.૧ એ ૫૬૨,૫૬૩,૫૬૪ મિલ્કતમાં બે ડ્રેનેજ જોડાણ આપેલ છે આ ઉપરાંત અરજદારને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા પણ કોઈ પણ એપાર્ટમેન્ટમાં બે ડ્રેનેજ કનેકશન આપવામાં આવેલ નથી. તેમજ નોર્થઝોન કતારગામના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ સુરત મહાનગરપાલિકાના નિયમ પ્રમાણે એક એપાર્ટમેન્ટ માટે એક જ ગટર કનેકશન આપવાનું હોય છે પરંતુ ટેકનીકલ પ્રોબ્લેમ હોય અને ગટર કનેકશન લેનાર વ્યકિત જો અલગ અરજી કરી રસ્તા ખોદાણ ચાર્જ, ગટર કનેકશન ચાર્જ ભરવા સંમત હોય તો ટેકનીકલ પ્રોબ્લેમનું નિરાકરણ લાવવા બીજા કનેકશનની મંજુરી મેળવી આપી શકાય તેમ છે. તેમજ એપાર્ટમેન્ટમાં બે ગટર કનેકશન આપ્યા હોય તેવી માહિતી અત્રેના જાણમાં નથી.તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ડ્રેનેજ વિભાગ ધ્વારા રૂબરૂમાં સ્પષ્ટ થયેથી માહિતી આપી શકાય તેવી માહિતી સા.ઈ.ઝોન /મહેકમ/૨૨૦૧ તા.૧૮–૯–૦૯ તથા સા.ઈ.ઝોન/લીંબાયત/૨૪૭૫ તા.૧૩–૧૦–૦૯ થી ડ્રેનેજ વિભાગ ધ્વારા સ્પષ્ટતા થયેલ ન હોઈ દફતરે કરવામાં આવેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ અંગે અધૂરી માહિતી હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને તક આપી અપીલ તબકકે પણ કઈ બાબતે નારાજગી અંગે વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. મુદ્દા નં.(૨) તા.૧૦–૯–૦૮ થી આપેલી નોટીસ બાબતે દિન–૭ માં જુની ગટરની લાઈન રીપેર કરી નથી કિશોરભાઈ ચૌહાણે દગાથી લીધેલ નવી ગટર લાઈન તોડી નાંખવામાં આવશે તે કેમ તોડવામાં આવતી નથી? તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અધિકારી અને કર્મચારીના સ્થળ નિરીક્ષણ બાબત સૂચના અન્વયે તા.૨૩–૭–૦૮ ના રોજ સદર ગટર જોડાણ બંધ કરવામાં આવેલ. ત્યાર બાદ પુષ્પક એપાર્ટ.ના સભ્યો તરફથી તા.૨૯–૮–૦૮ ના પત્રના વિગતોથી નવું જોડાણ માટે અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી પત્ર આંન.૬૫૪ તા.૯–૯–૦૮ થી ગટર જોડાણ દુર કરવા પત્ર લખવામાં આવેલ. ઉપરની વિગતે તા.૨૩–૯–૦૮ થી કરેલ અરજી અન્વયે સદર જોડાણ મંજુર કરવા અંગેની કાર્યવાહી ચાલુ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) તા.૧૦–૯–૦૮ ના રોજ એમ. જી. પસ્તાગીયા વિરુધ્ધ અરજીથી કરેલી રજૂઆતની કાર્યવાહીની માહિતીની માંગણી કરવામાં આવેલ. જે અંગે ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૭૭ તા.૧૦–૯–૦૯ થી એમ જી. પસ્તાગીયા હાલમાં ડે.ઈજનેર તરીકે ફરજ બજાવે છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે અધૂરી માહિતીની રજૂઆત કરેલ છે. તથા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા.૫–૧૧–૦૯ ના પત્રથી જે તે સમયે આપની અરજી અન્વયે સદર મુદ્દા અંગે અત્રેના ખાતા મારફત આરટીઆઈ નં.૩૬૧ તા.૨૩–૭–૦૭ થી તા.૨૦–૬–૦૭ ની અરજી અન્વયે તા.૨૭–૬–૦૭ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે કિશોરભાઈ ચૌહાણને મળવા આવ્યા બાબતે ૧. આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે. ૨.આપની અરજીમાં જણાવ્યા અનુસાર વીઝીટ લેનાર કર્મચારી જુની. ઈજનેર એમ. જી. પસ્તાગીયા અને એસ.એસ.આઈ. શ્રી બી જે. બારીયા છે. ૩ રસીદની ખરી નકલ નિયમ પ્રમાણે નકલ ફી રૂા.૬/– ભર્યેથી આપી શકાય તેમ છે. ૪. ગટર જોડાણ રીપેરીંગના હેતુથી રસ્તા ખોદાણની મંજુરી જુની. ઈજનેર એમ. જી. પસ્તાગીયાએ અરજી પ્રમાણે આપેલ છે. ૫. ફલેટ નં.૪૦૧ ટેના નં.૦૫૧–૨૧–૩૨૯૫–૦–૦૦૧ ના બીલની ચકાસણી કરવામાં આવેલ છે. ૬. મિલ્કતમાં હિત ધરાવનાર કોઈ પણ રીપેરીંગની અરજી કરી શકે અને તેની અગ્રીમતા જાણી મંજુરી આપેલ છે તેમાં બાકી સભ્યનો એન.ઓ.સી ની જરૂર નથી. જે વિગતે જવાબ આપવામાં આવેલ છે જેની નકલ પણ અત્રે રજુ કરેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) તા.૧–૫–૦૮ ના રોજ કરેલ નિરીક્ષણના રીપોર્ટની ડે.ઈજનેર જસાણીએ કરેલ રીપોર્ટની માહિતી બાબતની માંગણી કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા અન્વયે જુની. ઈજનેર ધ્વારા તા.૨૩–૭–૦૮ થી રીપોર્ટ કરવામાં આવેલ છે. જેમાં ડે.ઈજનેર શ્રી જસાણી તથા કાર્યપાલક ઈજનેર ધ્વારા સહી કરવામાં આવેલ છે. ત્યાર બાદ જુની. ઈજનેર ધ્વારા તા.૬–૯–૦૮ થી રીપોર્ટ કરવામાં આવેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તેની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. મુદ્દા નં.(૫) એવો કોઈ નિયમ છે કે ગટર લાઈન રીપેરીંગની અરજી કરીને નવું જોડાણ લઈ શકે છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા અંગે સુરત મહાનગરપાલિકામાં આવો કોઈ નિયમ ઉપલબ્ધ નથી તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા જે તે અરજદારની અરજી અન્વયે તટસ્થતા પૂર્વક લેવામાં આવે છે. આ ઉપરાંત તા.૬–૧૦–૦૯ ના પત્રથી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન કક્ષાએથી પણ કોઈ વ્યકિતના મકાનની ગટર લાઈન જુની હોય ડેમેજ થઈ ગયેલ હોય તો તે રીપેરીંગ કરવા બાબતે સુરત મહાનગરપાલિકામાં અરજી કરી રસ્તા ખોદાણનો ચાર્જ ભરપાઈ કર્યેથી રીપેરીંગ કરવાની મંજુરી મળી શકે છે એવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરેલ છે પરંતુ અરજદારને અત્રેના ૨૭–૧૦–૦૯ ના પત્રથી નારાજગી બાબતે આધાર અને વાજબીપણું રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદારે અપીલ સાથે કે અરજી સાથે આધાર અંગે વાજબીપણું રજૂ કરેલ નથી. મુદ્દા નં.(૬) તા.૧૦–૯–૦૮ ની અરજીથી લેખિત નોટીસ આપી નવું ગટર કનેકશન નહીં તોડનાર ઉચ્ચ અધિકારીઓના નામની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા અંગે તા.૯–૯–૦૮ થી કિશોરભાઈ ચૌહાણને લેખિત પત્ર ધ્વારા ગટર જોડાણ દુર કરવા જણાવવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ તેઓની ડ્રેનેજ જોડાણ કરવાની મંજુરી માટે આવેલ તા.૨૩–૯–૦૮ ની અરજીથી અરજી અન્વયે હાલ કાર્યવાહી ચાલુ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૭) ૧૦–૧૦–૦૮ ના રોજ કમિશ્નરશ્રીએ દગાથી મેળવેલ ગટર કનેકશન તોડી પાડવા સૂચના અનુસાર જોડાણ કાપે અને કાર્યવાહી કરે તે બાબતે આદેશ આપેલો કે નહી , આપવામાં નહીં આવેલ તો કયા નિયમ અનુસાર? જે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા અન્વયે જે તે અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલી અરજી અંગે સ્થળ તપાસ અન્વયે ડ્રેનેજ જોડાણ

માટે આવેલ અરજદારની અરજી અન્વયે હાલ કાર્યવાહી ચાલુ છે. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ. મુદ્દા નં.(૮) ડે.કમિશ્નર ચંદ્રકાંત ભટ્ટના લાયકાતની નકલ તથા પ્રોપર્ટી રીટર્નની નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ડે.કમિશ્નર સી.વાય. ભટ્ટ હાલમાં મુખ્ય કચેરીમાં ફરજ બજાવે છે સદર બાબતે આપની અરજી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફ તબદીલ કરવામાં આવેલ. જે બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૭૭ તા.૧૦–૯–૦૯ થી સુરત મહાનગરપાલિકામાં ચંદ્રકાંત ભટ્ટ નામના કોઈ ડે.કમિશ્નર ફરજ બજાવતા નથી. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે.જે અંગે અરજદારે અપીલમાં અધૂરી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ તબકકે તે સમયે મને શ્રી ચંદ્રકાંત ભટ્ટ નામ જણાવવામાં આવેલ. તે મુજબ મે અરજીમાં માહિતી માંગવામાં આવેલ. મુદ્દા નં.(૯) શ્રી કે. કે. શાહ અને શ્રી જસાણીએ તા.૧૦–૯–૦૮ ના કરેલ ખોટા રીપોર્ટની તપાસ કરાવેલ અને તેમના લાયકાતનું પ્રમાણપત્ર તથા પ્રોપર્ટી રીટર્નની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા બાબતે અરજદારની અરજી અન્વયે જુની.ઈજનેર ધ્વારા સ્થળ તપાસ કરી રીપોર્ટ કરવામાં આવેલ છે. સદર બાબતે આપની અરજી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૭૭ તા.૧૦–૯–૦૯ થી ડ્રેનેજ વિભાગમાં કે. કે. શાહ નામના કોઈ અધિકારી નથી. સેન્ટ્રલઝોનના ડે.ઈજનેર પી આર. જસાણી ઉપલબ્ધ રેકર્ડ મુજબ ડીપ્લોમાં સીવીલ એન્જી. ની ડીગ્રી ધરાવે છે તેઓ તા.૯–૧૨–૭૬ થી મહાનગરપાલિકામાં જોડાયેલ છે તે ઘણા સમય પહેલાની વિગત હોઈ ઉપલબ્ધ રેકર્ડનું ઉત્ખલન કરતાં શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રોની નકલ મળી આવેલ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે મજકુર અધિકારી પાસેથી લાયકાત પ્રમાણપત્રની નકલ મેળવી પૂરી પાડવાની અપીલ તબકકે રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૧૦) તા.૧૦–૧૦–૦૮ થી કમિશ્નરશ્રીને તથા તા.૧૧–૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર સ ેન્ટ્રલઝોનને કિશોરભાઈની ગટરલાઈન બનાવી તેની માહિતી આપેલ તે ગટર લાઈનથી ગંદુ પાણી પુષ્પક એપાર્ટ.માં ફેલાય છે તો તેનાથી આરોગ્યને નુકશાન થશે અને રોગચારો ફેલાશે તો તેની જવાબદારી કોની તેવી માહિતી માંગેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા અન્વયે સ્થળ તપાસ કરતાં એપાર્ટ. ધ્વારા આરોગ્યના મુદ્દાને ધ્યાને લઈને અરજદાર ધ્વારા કરવામાં આવેલ જોડાણ રીપેર કરવામાં આવેલ. જેના કારણે હાલમાં રસ્તા પર ગંદા પાણી ઉભરાવવાની ફરીયાદ નોંધાયેલ નથી કે સમયસ્યા ઉપસ્થિત થયેલ નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૧૧) મિલ્કતવેરા નિયમોનુસાર વસુલ કરે છે. જેના અનુસંધાને સદર બાબતે જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન તરફથી તા.૩–૧૧–૦૯ થી અલગ જવાબ પાઠવવામાં આવેલ છે. પરંતુ તેના પત્રની નકલ જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અપીલ તબકકે રજૂ કરવામાં આવેલ નથી. આ અંગે મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સા.વે.ઝોન/આ.નં.૪૪૪ તા.૧૦–૯–૦૯ થી " સુરત મહાનગરપાલિકા ધ્વારા મ્યુ. વેરો બીપીએમસી એકટ ૧૯૪૯ ની કલમ–૧૨૭ મુજબ મિલ્કતવેરો તથા ગુજરાત એજયુકેશન સેંસ એકટ ૧૯૬૨ મુજબ શિક્ષણ ઉપકર વસુલાત કરવામાં આવે છે. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં ખોટી અને અધૂરી માહિતી પૂરી પાડેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ તે અંગે અપીલ તબકકે તા.૨૭–૧૦–૦૯ ના પત્રથી તક આપવા છતાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોને તા.૩–૧૧–૦૯ થી પૂરી પાડેલ માહિતી અને આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. મુદા નં.(૧૨) મિલ્કતવેરો ન ભરે તો પાણી અને ગટર જોડાણ કાપી નાંખે છે? ફર્નીચર લઈ જાય છે ? તથા ફલેટ નં.૪૦૧ નો વેરો બાકી છે તો ટેક્ષ કેમ વસુલ કરેલ નથી.હાઉસીંગ ટેક્ષ ફરજ બજાવતાં અધિકારીઓના નામની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને સદર બાબતે અત્રેથી ખાતા મારફત તા.૩–૧૧–૦૯ થી અલગ જવાબ પાઠવવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે પરંતુ તેના પત્રની નકલ જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.(૧ ૩) ફલેટ નં.૪૦૧ પુષ્પક એપાર્ટમેન્ટ વિજયભાઈ ગોંવિદભાઈ પટેલે ટ્રાન્સફર અરજી કરી પુષ્પક એપાર્ટ.ની એન.ઓ. સી આપી તેની નકલની માંગણી કરેલ છે તેઓ ફલેટ હોલ્ડર છે તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને સદર બાબતે અત્રેથી ખાતા મારફત તા.૩–૧૧–૦૯ થી અલગ જવાબ પાઠવવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે પરંતુ તેના પત્રની નકલ જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.(૧૪) ભોંયતળીયે ફલ ેટ કયા કાયદાથી બનાવેલ છે અને કયા આધારે પાણી કનેકશન આપેલ છે અને વેરા વસુલ કરે છે. તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદરહુ મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્લાન મંજુર કરવામાં આવેલ છે. જયારે નળ જોડાણ આપવા અંગે હાલમાં ઉપલબ્ધ રેકર્ડ જોતાં તે અંગેની કોઈ માહિતી જણાતી નથી. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૧૫) એપ્રિલ ૨૦૦૮ માં કતારગામઝોનમાં સુરત મહાનગરપાલિકાની બેઠકમાં વિપક્ષના નેતા તથા મેયર શ્રી માવાણીની બેઠકમાં લેવાયેલ નિર્ણયનો તથા તા.૧૧–૨–૦૯ ની કરેલી અરજીનો જવાબ મળેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મુદ્દા અન્વયે જે તે અરજદારને બને તેમ જલ્દીથી અરજીનો જવાબ લેખિતમાં આપવામાં આવે છે ખાતા ધ્વારા થયેલી કાર્યવાહી અન્વયે અરજદારની આરટીઆઈની અરજી અન્વયે સેન્ટ્રલઝોન ધ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા તા.૨૩–૭–૦૭ થી જવાબ આપવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે તથા સદર પત્ર સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૬૧ તા.૨૩–૭–૦૭ ની પત્રની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. તથા તા.૧૦–૯–૦૮ ની કિશોરભાઈએ આપેલ પત્રની નકલ બાબતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી જણાતી નથી તેવી માહિતી આપેલ છે. (એ) સુરત મહાનગરપાલિકાની નાગરિકની ફરીયાદની કાર્યવાહી નિયમોનુસાર થાય છે? કે ધર્મ કે ભાષાના આધાર પર થાય છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં રહેતા નાગરીકની ફરીયાદ અરજીની કાર્યવાહી બીપીએમસી એકટ અનુસાર કરવામાં આવે છે કોઈ ધર્મ કે ભાષાનો ભેદભાવ રાખવામાં આવતો નથી તેવી માહિતી જાહેર માહિત અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. (બી) તા.૨–૯–૦૮ ના કિશોરભાઈ ચૌહાણની રજૂઆત બાબત. જેના અનુસં ધાને ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી જણાતી નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (સી) શ્રીકિશોરભાઈ

ચૌહાણે જુની ગટરલાઈન રીપેરીંગની અરજી આપીને દગાથી નવી ગટર લાઈન લીધી છે તો તેની એન.ઓ. સી આપી છે તો તેની નકલ અને આપી ન હોય તો ગટર લાઈન તોડી કેમ નથી તેની માહિતી બાબતે જેના અનુસંધાનમાં ગટર કનેકશન અંગેની કાર્યવાહી હાલમાં ચાલુ છે. એપાર્ટ. ના ગટર કનેકશન અંગે પ્રયોજક ધ્વારા ફ્લેટ દીઠ કનેકશન મેળવવામાં આવે છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (ડી) મહાનગરપાલિકાની મુખ્ય ગટરલાઈનમાં કોઈ નાગરીક સુરત મહાનગરપાલિકા સાથે દગો કરી ખાનગી ગટર લાઈન લઈ શકે તો તેવી ગટર લાઈન કયા નિયમના આધારે તોડી નથી તે પ્લમબરનું નામ અને લાયસન્સ નંબર આપો કે જેને કાયદેસર લાઈન બનાવેલ છે તેની માહિતીની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી " સદરહુ મુદ્દા બાબતે આરોગ્યના મુદ્દાઓને ધ્યાને લઈને અરજદાર શ્રી કિશોરભાઈ ચૌહાણને તથા આપની ફીરયાદ ધ્યાને લઈ સદરહુ જોડાણ સીલ કરવામાં આવેલ. અને તેઓએ વૈકલ્પિક વ્યવસ્થા કરી સદરહુ જોડાણ દુર કરવા પત્ર ધ્વારા જાણ કરવામાં આવેલ. સદરહુ જોડાણ કાયદેસર કરી આપવા મંજુરી આપવા અરજી કરેલ છે. ગટર કનેકશન અંગેની કાર્યવાહી હાલમાં ચાલુ છે રીપેરીંગની અરજીમાં જણાવ્યા મુજબ લાયસન્સ પ્લમબરનું નામ મહમદ એચ. ડભોયા છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૯ અંશતઃ પી.આર. જસાણીની લાયકાત સબંધી દફતરે ઉપલબ્ધ નહીં હોવા સબંધે લાગત દફતરના નિકાલ કે નાશ કર્યાની બાબતના અનુસંધાને તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે સબંધિત દફતરના ઈન્સ્પેકશન સહ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે. અરજદારે મુળ અરજીમાં જણાયેલ કર્મચારી/અધિકારીના ખોટા નામો અંગે અપીલ અરજી તબકકે રજૂ કરાયેલા સાચા નામો બાબતે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) )ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન, મધ્યસ્થ મહેકમ),શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુરૂન્દ્રિ પાલસિંહ ઢીલ્લો,